**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હસ્તકના આઇ.ટી. સંવર્ગના અધિકારીઓની હાજરી બાબત.**

**ગુજરાત રાજ્ય**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

**પરિપત્ર ક્રમાંક: DST/CRM/e-file/24/2023/0832/IT Cadre**

**સચિવાલય, ગાંધીનગર**

**પરિપત્ર :::**

રાજ્યની તમામ કચેરીઓમાં સંબધિત કચેરીના કાર્યપદ્ધતિના નિયમો અન્વયે કર્મચારીઓની હાજરી નિભાવવામાં આવે છે. તે અંતર્ગત સચિવાલયના તમામ વિભાગો અને વિધાનસભાના તમામ અધિકારી/કર્મચારીઓ માટે ઇન્ટીગ્રેટેડ સિક્યુરીટી એક્સેસ કન્ટ્રોલ એન્ડ મેન મેનેજમેન્ટ સિસ્ટમ દાખલ કરવામાં આવી છે. તેમજ સચિવાલય બહારની રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં બાયોમેટ્રિક ડિવાઇસ કે હાજરી પત્રકના સ્વરૂપમાં કચેરીના અધિકારી/કર્મચારીઓની હાજરીની વિગતો નિભાવવામાં આવે છે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હસ્તકના આઇ.ટી. સંવર્ગના અધિકારીઓની આઇ.ટી. સંબંધિત કામગીરી હેતુ રાજ્ય સરકારના વિવિધ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, વિભાગ હસ્તકની સંસ્થાઓ/કચેરીઓ તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓમાં લોન સેવાના ધોરણે ફાળવણી કરવામાં આવેલ છે. જેથી જે-તે વિભાગ/ખાતાના વડા/કચેરીની મહેકમ શાખાને તેઓની કચેરી ખાતે ફાળવેલ આઇ.ટી. સંવર્ગના અધિકારીઓની હાજરીની જાણ હોવી જરૂરી જણાય છે.

આથી, રાજ્ય સરકારના તમામ વિભાગો/ખાતાના વડા/કચેરીઓને તેઓની કચેરી ખાતે ઉપલબ્ધ હાજરી અંગેની કાર્યદ્ધતિ મુજબ તેઓની કચેરી ખાતે ફાળવેલ આઇ.ટી. સંવર્ગના અધિકારીઓની હાજરીનો રેકર્ડ જાળવવા માટે જણાવવામાં આવે છે. તેમજ આઇ.ટી. સંવર્ગના તમામ અધિકારીઓને તેઓ દ્વારા સાથી સોફ્ટવેરમાં કરવામાં આવતી દરેક સેવા વિષયક બાબતો જેવી કે રજા, રજા પ્રવાસ રાહતની દરખાસ્તની જાણ તેઓને ફાળવેલ વિભાગ/કચેરીને લેખિતમાં કરે તે અંગે સૂચના આપવા નિયામકશ્રી, આઇ.સી.ટી. અને ઇ-ગવર્નન્સને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(તરંગ અંધારિયા)

ઉપ સચિવ

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

ગુજરાત સરકાર

**નકલ રવાના:**

- સચિવાલયના સર્વે વિભાગોની મહેકમ શાખા (તેમની હસ્તકના ખાતાના વડા/ કચેરીઓ/ બોર્ડ/ કોર્પોરેશનને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- નિયામકશ્રી, નિયામક આઇ.સી.ટી. અને ઇ-ગવર્નન્સની કચેરી (આઇ.ટી. સંવર્ગના તમામ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- શાખા સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Tarang Andharia
Under Secretary
Date: 2023.09.16 16:29:59 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign